**ઉમરાળાના મે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરાળા**
**રે.દી.મુ.નં.૦૨/૨૦૧૯**

વાદી:– સ્વ. માધવસિંહજી ઉર્ફે પોપટસિંહજી વજેસિંહના વારસદારો
વિરુદધ
પ્રતિવાદી:– સ્વ.હેમતસિંહજી વજેસિંહજી ગોહિલના વારસદાર

–––––––––––––––––––––––––––––––––––––––––––

વાદી તર્ફે આંક–૧૨૧ થી દિવાની કાર્યરીતી સંહિતાના હુકમ–૬ નિયમ–૧૭ મુજબ દાવા અરજીમાં સુધારો કરવા માટેની અરજી લગત હુકમ.

–––––––––––––––––––––––––––––––––––––––––––

(૧)... વાદી તર્ફે હાલની અરજી સીવીલ પ્રોસીજર કોડના હુકમ–૬ ના નિયમ–૧૭ મુજબની રજૂ રાખી એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, તેઓ વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ વિરુદધ જાહેરાતનો તથા કાયમી મનાઈહુકમ કબજા માટે અને વેચાણ દસ્તાવેજ રદ કરવા અંગેનો દાવો દાખલ કરેલ છે. સદરહુ દાવામાં દાવાના ચાલુ કામે પ્રતિવાદી નં.૧/૧/૭ દવારા દાવાવાળી મિલકતો માંહેથી દાવામાં દર્શાવેલ ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાના ગામ ધારૂકાની રેવન્યુ સર્વે નં.૨૩૫ પૈકી ૨ ની જમીન હે. આરે.ચો.મી ૧–૩૪–૫૬ આ કામના પ્રતિવાદી નં.૧/૧/૭ દવારાતા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩૨૮/૨૦૨૨ થી અશોકભાઈ નાનુભાઈ વાઘાણીને વેચાણ કરેલ છે. તેમજ ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાના ગામ ધારૂકાની રેવન્યુ સર્વે નં.૭૫ પૈકી ૨ ની જૂની શરતની જમીન હે.આરે.ચો.મી ૦–૭૦–૮૨ વાળી જમીન આ કામના પ્રતિવાદી નં.૧/૧/૭ દવારા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુ. નં.૪૧૮/૨૦૨૪ તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજથી મુકેશકુમાર લક્ષ્મણભાઈ પટેલને વેચાણ કરેલ છે. જે ઉપરોકત બંને દસ્તાવેજોના ખરીદનારને તેઓ વાદી દવારા દાવાના કામે પક્ષકાર તરીકે જોડવાની અરજી કરવામાં આવતા નામદાર કોર્ટ દવારા સદરહુ બંને

પક્ષકારોને દાવાના કામે જરૂરી પક્ષકાર બનાવી પ્રતિવાદી તરીકે જોડેલ છે. ઉપરોકત દર્શાવેલ પક્ષકારોને તથા તેઓ દવારા દાવાવાળી જમીનો સંબંધે કરાવી લેવામાં આવેલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજો રદ કરવા સંબંધે અને તે મુજબનો સુધારો દાવા અરજીમાં કરવા સંબંધે તેઓ વાદીને હાલની આ અરજી કરવાની ફરજ પડેલ છે. તેમજ તેઓ વાદી દાવા–અરજીમાં તથા દાદમાં જે સુધારો કરાવવા માંગે છે તેવો સુધારો કરવાથી પ્રતિવાદીઓને કોઈ જ નુકશાન જાય તેમ નથી. તેમજ હાલના દાવાનો ન્યાયીક નિકાલ થાય તેમ છે. તેમજ દાવાનો સુધારો થવાથી દાવાના નેચરમાં કોઈ જ ફેર પડે તેમ નથી જેથી દાવા અરજી તથા દાદમાં સુધારો કરવા તેઓ વાદીને પરવાનગી આપવા અરજ કરેલ છે.

વધુમાં વાદી તર્ફે હાલની અરજી રજુ રાખી નીચે મુજબના સુધારા દાવા–અરજીમાં કરવા હેતુ પરવાનગી માંગેલ છે.

૧. દાવા અરજી પારા–૧૧(બી) તરીકે નીચે મુજબનો સુધારો કરવા પરવાનગી આપવા નમ્ર અરજ છે.

ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાના ગામ ધારૂકાની રેવન્યુ સર્વે નં.૨૩૫ પૈકી ૨ ની જમીન હે.આરે.ચો.મી ૧–૩૪–૫૬ કે જે પ્રતિવાદી નં.૧/૧/૭ ના દવારા સુચિત પક્ષકાર પ્રતિવાદી નં.૩ ના જોગ જે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩૨૮/૨૦૨૨ તા.૨૮/૦૪/૨૦૨૨ નો જે વેચાણ દસ્તાવેજ કરેલ છે તે જમીનમાં અમો વાદીઓનો કાયદેસરનો હિસ્સો પોષાય છે. જેથી મજકૂર વેચાણ વહેવાર વગેરે કાયદેસરનો અને ખોટો છે. તેમજ તેમાં અમો વાદીઓની કોઈ જ સહી કે સંમતિ લેવામાં આવી નથી. જેથી આવા ગેરકાયદેસરના વેચાણ વ્યવહાર કાયદાની દ્રષ્ટિએ પરિણામ વગરના છે તેવું અમારૂ નમ્રપણે માનવું છે. તેમજ પ્રતિવાદી નં.૧/૧/૭ ના દવારા ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાના ગામ ધારૂકાના રેવન્યુ સર્વે નં.૯૫ પૈકી ૨ ની જૂની શરતની જમીન હે.આરે.ચો.મી

૦–૭૦–૮૨ વાળી જમીન સુચિત પક્ષકાર પ્રતિવાદી નં.૪ મુકેશકુમાર લક્ષ્મણભાઈ પટેલને રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૪૧૮/૨૦૨૪ તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજ વેચાણ કરેલ છે તેવું વેચાણ પણ ગેરકાયદેસર અને કાયદાના પ્રસ્થાપિત સિદધાંતો વિરુદધનું છે કારણ કે સદરહુ જમીનમાં પણ અમો વાદીનો હકક, હિત, હિસ્સો અને અધિકાર રહેલો છે. જેથી સદરહુ વેચાણ કરાર રદ થવાને પાત્ર છે જે મુજબનો સુધારો કરવા પરવાનગી આપવા નમ્ર અરજ છે.

૨. દાવા અરજી પારા–૧૯(જી) તરીકે નીચે મુજબનો સુધારો કરવા નમ્ર અરજ છે.

આ કામના પ્રતિવાદી નં.૧/૧/૭ દવારા ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાના ગામ ધારૂકાની રેવન્યુ સર્વે નં.૨૩૫ પૈકી ૨ ની જમીન હે.આરે.ચો.મી. ૧–૩૪–૫૬ આ કામના સુચિત પક્ષકાર નં.૩ અશોકભાઈ નાનુભાઈ વાઘાણીને રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૩૨૮/૨૦૨૨, તા.૨૮/૦૪/૨૦૨૨ ના રોજથી જે વેચાણ કરેલ છે તે વેચાણ બિનઅમલી, ગેરકાયદેસર અને માલિકી હકક વગર કરેલ હોય જે રદ જાહેર કરશોજી. અને તેની જાણ સબ–રજીસ્ટ્રાર કચેરી ઉમરાળાને કરવા ન્યાયના હિતમાં હુકમ ફરમાવવા નમ્ર અરજ છે.

૩. દાવા અરજી પારા–૧૯(એચ) તરીકે નીચે મુજબનો સુધારો કરવા નમ્ર અરજ છે.

આ કામના પ્રતિવાદી નં.૧/૧/૭ દવારા ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાના ગામ ધારૂકાની રેવન્યુ સર્વે નં.૭૫ પૈકી ૨ ની જુની શરતની જમીન હે.આરે.ચો.મી. ૦–૭૦–૮૨ આ કામના સુચિત પક્ષકાર નં.૪ મુકેશકુમાર લક્ષ્મણભાઈ પટેલને રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૪૧૮/૨૦૨૪, તા. ૧૬/૦૫/૨૦૨૪ ના રોજથી જે વેચાણ કરેલ છે તે વેચાણ બિનઅમલી, ગેરકાયદેસર અને માલિકી હકક વગર કરેલ હોય જે રદ જાહેર કરશોજી અને તેની

જાણ સબ–રજીસ્ટ્રાર કચેરી ઉમરાળાને કરવા ન્યાયના હિતમાં હુકમ ફરમાવવા નમ્ર અરજ છે.

વધુમાં વાદી તર્ફે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા બીપીનચંન્દ્ર મંગુભાઈ આહીર વિ.કાંતિલાલ મગનલાલ ગાંધી, રે.સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૧૨૩૮૩/૨૦૧૩ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદરહુ ચુકાદો માનસહ વંચાણે લેતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા એવુ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે ''સી.પી.સી.ઓર્ડર ૬ રૂલ ૧૭ ના હેતુ માટે ટ્રાયલની શરૂઆત એટલે દાવામાં મુદા ફ્રેમ કર્યા બાદ વાદીના પુરાવાની શરૂઆત થયાનો તબકકો''.

(૨)... હાલની અરજી લગત પ્રતિવાદી તર્ફે હાજર વિ.વ.શ્રી કે.એમ.ગોહિલનાઓ એ એવી રજુઆત કરેલ છે કે, હાલના કામે વાદીનો પુરાવો લેવાઈ ગયેલ છે. હાલના કામે મનાઈહુકમ ફરમાવેલ નથી. પ્રતિવાદી બોનાફાઈડ પરચેઝર છે. નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટે વાદીની આંક–૦૫ ની અરજી ના–મંજૂર કરેલ છે. જેથી વાદીએ બીજો દાવો લાવવો પડે. જેથી વાદીની હાલની અરજી રદ કરવી જોઈએ.

(૩)... હાલની અરજી વંચાણે લીધી. તેમજ કેસ રેકર્ડ વંચાણે લીધું. તેમજ બંને પક્ષને સાંભળ્યા. સીવીલ પ્રોસીજર કોડના હુકમ–૬ ના નિયમ–૧૭ માં કરવામાં આવેલ જોગવાઈઓ વંચાણે લીધી. હાલના કામે આ કામના વાદીનાઓએ આ કામના પ્રતિવાદીનાઓ વિરુદધ દાવાવાળી મિલકત પરત્વે જાહેરાત તથા જાથુનો મનાઈહુકમ મેળવવા તેમજ કબજા માટે તેમજ દસ્તાવેજ રદીકરણ હેતુ રજૂ રાખેલ છે. હાલની અરજીમાં જણાવેલ હકીકતો વાદી તર્ફે સોગંદ ઉપર જણાવવામાં આવેલ છે. જે સંજોગોમાં નામદાર એપેક્ષ કોર્ટના વિવિધ ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ કે દાવાઅરજીના સ્વરૂપમાં જો કોઈ ફેરફાર ના થતો હોય તેવા સુધારા કરવા પરવાનગી આપવા કોર્ટોએ લીબરલ વ્યુ

અપનાવવો જોઈએ. વાદીએ જે સુધારો કરવા માંગેલ છે તેનાથી પ્રતિવાદીઓના બચાવને કોઈ અસર થાય તેમ નથી. વધુમાં પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રીનાઓએ એવી દલીલ કરેલ છે કે હાલના દાવાના કામે વાદીની ઉલટતપાસ થઈ ગયેલ છે. સદરહુ દલીલ સાથે હાલની કોર્ટ સહમત છે પરંતુ હાલના દાવાના કામે વાદીએ સૂચિત પક્ષકાર તરીકે દાવાવાળી મિલતનું ફર્ધર વેચાણ થયાની જાણ તેઓને રેવન્યુ રેકર્ડ કઢાવતા થતાં વાદી તર્ફે આંક–૧૦૭ ની અરજી સૂચિત પક્ષકારને દાવાના કામે પ્રતિવાદી તરીકે જોડવાની તા.૦૮/૧૦/૨૦૨૫ ના રોજ રજુ રાખેલ છે એટલે કે તે અગાઉ વાદીની ઉલટતપાસ થઈ ગયેલ છે. જેથી સદરહુ સંજોગો વાદીની જાણમાં વાદીની ઉલટતપાસ થઈ ગયા પછી દયાને આવેલ હોય હાલની અરજી રજુ રાખેલ છે. વધુમાં વાદી તર્ફે જે સુધારા કરવા માટે પરવાનગી માંગેલ છે તે ના આપવામાં આવે તો દાવા મિલકત પરત્વે પક્ષકારો વચ્ચે વધુ દાવા–દૂવી થવાનો પુરતો સંભવ રહેલ છે. વધુમાં વાદીએ મૂળ દાવાના કામે દાવાવાળી મિલકતો પરત્વે થયેલ વેચાણ દસ્તાવેજ રદ કરાવવા હેતુ પણ દાદ માંગેલ છે. જે સંજોગોમાં ઉપરોકત તમામ હકીકતે ચર્ચા કર્યા મુજબ વાદીની હાલની અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

--:: **<u>હુકમ</u>** ::--

૧. વાદી હાલની ની આંક–૧૨૧ ની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

૨. હાલના દાવાના કામે વાદીએ હાલની અરજીમાં માંગ્યા મુજબના સુધારા કરવા આથી પરવાનગી આપવામાં આવે છે.

૩. વાદીએ હુકમ મુજબ દાવા અરજીમાં સુધારો કરવો તેમજ સુધારેલ દાવા અરજી દિન–૧૪ માં હાલના કામે રજુ

હુકમ આજરોજ તારીખ ૨૩ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૪/૨૦૨૬ ( ખાંટ યોગેશકુમાર કાભઈભાઈ)
ઉમરાળા પ્રિન્સીપાલ સીવીલ જજ,ઉમરાળા
જજ કોડ: જી.જે/૦૧૪૫૮

[Y.K.Khant]
Principal Civil Judge, Umrala Dt.23/04/2026